ક્રમાંક-એમવીપી/સત્તાસોંપણી/૪૮/ ૫૭૩
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે માળ, ગાંધીનગર.
તા.૨૧-૧-૨૦૧૧.

પ્ર તિ,

(૧) અખિલ ગુજરાત પ્રવાસન વાહન સંચાલક મહામંડળ,
૨૧,સત્તર તાલુકા ફ્લેટસ, નવજીવન પ્રેસ પાસે,
રેલ્વે રોડ, નવજીવન પોસ્ટ, ઈન્કમટેક્ષ,
અમદાવાદ-૧૪.

(૨) ગુજરાત ટુરીસ્ટ વ્હીકલ્સ ઓપરેટર્સ એસોસીએશન,
૯૧, સહજાનંદ, શોપીંગ સેન્ટર, શાહીબાગ,
અમદાવાદ.

(૩) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ.

વિષયઃ-રાજયમાં પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ આરટીઓને સોંપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, રાજય પરિવહન સત્તામંડળની તા.૪-૧૧-૨૦૧૦ નાં રોજ મળેલ રાજય વાહન વ્યવહાર સત્તામંડળની ૪૮ મી બેઠકની કાર્યનોંધ બાબત નં.૯ માં થયેલ ઠરાવ અન્વયે રાજય પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓનું વિકેન્દ્રીકરણ કરીને આરટીઓને સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

જે અન્વયે ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ સંબંધીત કામગીરી તથા પારસ્પરિક વાહન વ્યવહાર કરાર હેઠળ ગુડઝ વાહનો સંબંધમાં કાઉન્ટર સહીની કામગીરી હાલમાં અત્રેની કચેરીએથી કરવામાં આવે છે. તેનાં બદલે રાજય પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ જાહેરહિત અને વહીવટી અનુકુળતાને લક્ષમાં રાખીને હાલનાં તબકકે ઉકત કામગીરીઓ કરવાની સત્તા તા.૧-૪-૨૦૧૧ થી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓને સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે સંબંધે આ બાબતની વિસ્તૃત સમજ તથા તેનો અમલ કરવાની કાર્યપધ્ધતિનો પરિપત્ર અત્રેની કચેરીએથી

પરિપત્ર ક્રમાંક-એમવીપી-એસટીએ-૪૮-સત્તાસોંપણી-૫૬૮૧, તા.૧૮-૧૨-૨૦૧૦ કરવામાં આવે છે. જેની નકલ આ સાથે મોકલેલ છે.

જેથી, સદર પરિપત્રનો અભ્યાસ કરી, આપનાં સભ્યોને જાણ તથા માહિતગાર કરવા તેમજ પડોશી રાજયોનાં ટ્રક/ટુરીસ્ટ ઓપરેટર્સને પણ આ બાબતની જાણ તથા પ્રસિધ્ધ થાય તે માટે વિનંતી કરવામાં આવે છે.

બિડાણઃ-ઉપર મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

:પુરબિયા:બીગબોસ૧:૧૮૩: